# સારાં અધ્યાપનના લક્ષણો

બુધવારના રોજ મારી બી.એડ્.કોલેજમાં તાલીમાર્થીઓ સમક્ષ "અધ્યાપન-અધ્યયનના સિદ્ધાંતો અને પ્રયુક્તિઓ" વિષયનું વ્યાખ્યાન આપવાનું હતું. આ વિષયમાં વ્યાખ્યાનનો મુખ્ય મુદ્દો હતો, " અધ્યાપનની જૂની અને આધુનિક વિભાવના તથા સારાં અધ્યાપનના લક્ષણો". આગળના બે દિવસમાં વિવિધ ચિંતકોના વિચારો જાણવા વિવિધ પુસ્તકોનો અભ્યાસ કર્યો. છતાં મળેલ વિષયવસ્તુથી સંતોષ ન થયો. મારા પોતાના વિચારોની પણ નોંધ કરી. હજુ કશુંક ખૂટે છે તેવો ભાવ સતત થયા કરતો હતો. જેથી ઈન્ટરનેટ પરથી દુનિયામાં અત્યારે શું ચાલી રહ્યું છે અને આજના આધુનિક વિચારકો ઉપરોક્ત મુદ્દા વિશે શું જણાવે છે તે શોધવાનો પ્રયત્ન કર્યો. સફળતા પણ મળી. વિવિધ રીતે મળેલા મુદ્દાઓને ચોક્કસ ક્રમમાં ગોઠવવાના હતા. કોલેજમાં બુધવારના દિવસે પ્રથમ તાસ મારો જ હતો. કોલેજના સમય પૂર્વે અડધો કલાક વહેલો પહોંચી ગયો. કોલેજમાં બેસીને વિવિધ વિષયવસ્તુને યોગ્યક્રમમાં ગોઠવીને મારું વ્યાખ્યાન તૈયાર કર્યું. કોલેજમાં પ્રાર્થનાનો બેલ વાગ્યો. સૌ અધ્યાપકો સાથે પ્રાર્થનામાં જઇને બેઠો. બે-ત્રણ મિનિટ પછી મનમાં ઝબકારો થયો કે મારે આજે " સારા અધ્યાપનના લક્ષણો" વિશે વાત કરવાની છે, તો તાલીમાર્થીઓ કે જે અન્ય રીતે વિદ્યાર્થી પણ છે ઉપરાંત ભવિષ્યના શિક્ષક પણ છે તો તેમને જ પૂછી લઉં કે, તમને તમારા અધ્યાપક કેવું અને કેવી રીતે ભણાવે તો વધુ ગમે ? અથવા તો અત્યાર સુધી તમે કોલેજ કે શાળા કક્ષાએ અભ્યાસ કરતા હતા ત્યારે ચોક્કસ શિક્ષકની શીખવવાની રીત તમને વધારે ગમતી હશે. તો તે શિક્ષક એવું તે કેવી રીતે અને શું શીખવતા હતા કે કેવું વર્તન કરતા હતા કે જેથી તેમની શીખવવાની રીત તમને ગમતી હતી ? ટૂંકમાં, હું પોતે મારા કે અન્ય ચિંતકોના વિચારો તાલીમાર્થીઓ પર ઠોકી બેસાડું તેના કરતાં તાલીમાર્થીઓને જ નક્કી કરવા દઉં કે, સારાં અધ્યાપનના લક્ષણો કયા ગણાય ? જેથી ભવિષ્યમાં તેઓ જ્યારે શિક્ષક બને ત્યારે તે લક્ષણોને સરળતાથી વિશ્વાસપૂર્વક અપનાવે. અંતે દરેક તાલીમાર્થીઓને એક કાગળ આપ્યો જેમાં દરેક તાલીમાર્થીએ સારા અધ્યાપનના ચાર લક્ષણો લખવાના હતા. તાલીમાર્થીઓએ કાગળમાં જણાવેલ લક્ષણોને બોર્ડ પર લખ્યા. જેમાં ખૂબ જ અગત્યના ગણાતા ૪૧ જેટલા લક્ષણો તારવવામાં આવ્યા. જે આજના સૌ શિક્ષકો-અધ્યાપકોને ઉપયોગી થઇ પડે તેમ છે. કારણકે, અન્ય રીતે વિચારતા ખ્યાલ આવશે કે, આજના વિદ્યાર્થીઓ શિક્ષક પાસે કેવી અપેક્ષા રાખે છે. જો શિક્ષક તેમની આ અપેક્ષા પૂર્ણ કરશે તો જ તે સફળ શિક્ષક બનશે અને વિદ્યાર્થીઓ સારી રીતે સહજતાથી શીખી શકશે. સારા અધ્યાપનના તે ૪૧ લક્ષણો નીચે પ્રમાણે છે.

૧. શિક્ષક પાઠયપુસ્તક ઉપરાંતનું વધારાનું શીખવતા હોય ૨.શિક્ષક વિદ્યાર્થીને અભ્યાસકાર્યમાં વિવિધ રીતે મદદરૂપ થતા હોય. ૩. વર્ગમાં વિદ્યાર્થીના કાર્યનું સતત મૂલ્યાંકન કરતા હોય. ૪. શિક્ષકનો સ્વભાવ સરળ હોય જેથી વિદ્યાર્થી તેમની સાથે સરળતાથી વર્તન કરી શકે. ૫. વર્ગખંડ શિક્ષણ દરમિયાન શીખવવાની વિવિધ પદ્ધતિનો ઉપયોગ કરતા હોય. ૬. શીખવતી વખતે વિષયવસ્તુ આદારિત સરળ અને અવનવા ઉદાહરણો આપતા હોય. ૭. શીખવતી વખતે વિદ્યાર્થીની મૂંઝવણ દૂર કરતા હોય. ૮. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતા હોય. ૯. શિક્ષકની વાળી સરળ, સહજ અને પ્રેમ ભરી હોય ૧૦. વિદ્યાર્થીને શિક્ષકનો ડર ન હોવો જોઇએ. ૧૧.વર્ગના બધાં જ વિદ્યાર્થીની શક્તિઓ અને ક્ષમતા જાણીને શીખવતા હોય. ૧૨.શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતાભર્યો સંબંધ હોવો જોઇએ. ૧૩.શિક્ષક આત્મવિશ્વાસથી શીખવતા હોય. ૧૪.શીખવામાં નબળાં કે હોશિયાર વિદ્યાર્થીઓને અવારનવાર પ્રોત્સાહન આપતા હોય. ૧૫.શીખવતી વખતે

વિષયવસ્તુ પ્રમાણે શિક્ષકના હાવભાવ બદલાતા હોય. ૧૬.વર્ગખંડમાં લોકશાહીભર્યું વાતાવરણ હોય. ૧૭.વિષયવસ્તુને એવી રીતે શીખવતા હોય કે જે વિદ્યાર્થીને જીવનલક્ષી લાગે ૧૭.સમયનો વર્ગખમડમાં દુરોપયોગ ન કરતા હોય. ૧૮.વિદ્યાર્થી સાથે સાહેબ કરીકે નહીં પણ માર્ગદર્શક તરીકે વર્તન કરતા હોય. ૧૯.વિષયવસ્તુ શીખવતી વખતે વિદ્યાર્થીના વાતાવરણનો ઉપયોગ કરે. ૨૦.વિદ્યાર્થી સાથે ખૂબજ સાહજિકતાથી વિચારોનું આદાનપ્રદાન થતું હોય. ૨૧.વર્ગમાં બધાં જ વિદ્યાર્થી માટે સમદષ્ટિ હોય. ૨૨.વર્ગમાં જે શીખવવાનું હોય તેની પૂરતી પૂર્વતૈયારી કરી હોય. ૨૩.શિક્ષક પાસે વિષયવસ્તુની સુંદર રજૂઆત કરવાની આવડત હોય. ૨૪. દરેક તાસમાં અને સમયાંતરે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવતું હોય. ૨૫.વિદ્યાર્થી ઉપર બહારથી શિસ્ત લાદવામાં ન આવે પણ સ્વયંશિસ્ત હોય. ૨૬.વિદ્યાર્થીઓને શક્ય તેટલું ક્રિયા દ્વારા શીખવવામાં આવતું હોય. ૨૭. વિદ્યાર્થી સાથે શિક્ષકનું વર્તન સહાનુભૂતિભર્યું હોય. ૨૮. વર્ગમાં જ્ઞાન સાથે ગમ્મત હોય. ૨૯.શિક્ષક પાસે શીખવવાનો હેતુ સ્પષ્ટ હોય. ૩૦. શીખવવાની પદ્ધતિમાં જરૂરિયાત મુજબ પરિવર્તન કરવામાં આવતું હોય. ૩૧. વિષયવસ્તુનું યોગ્ય સમયે જરૂરિયાત મુજબ પુનરાવર્તન કરવામાં આવતું હોય. ૩૨.શિક્ષક દ્વારા વર્ગમાં આધુનિક-વર્તમાન પ્રવાહોનો ઉપયોગ થતો હોય. ૩૩.શીખવવામાં અને વિષયવસ્તુમાં નવીનતા હોય. ૩૪. વર્ગવ્યવહાર કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર થતો હોય. ૩૫. શિક્ષકની ભાષા શુદ્ધ અને યોગ્ય ઊચા અવાજ સાથે. ૩૫. શિક્ષક વર્ગમામ વિદ્યાર્થીઓને પ્રશ્નો કરે, જવાબ માંગે અને જરૂર પડે ઊંડાણમાં જવાબ માંગે ૩૬.જુદા જુદા વિદ્યાર્થીઓને તેમની શક્તિ અને રસ મુજબ અલગ ।લગ કાર્ય સોંપે ૩૭. વિદ્યાર્થીને શિક્ષકનો ડર ન હોવો જોઈએ. વિદ્યાર્થીની ઇચ્છા વિરુદ્ધનું કોઈ કામ ન કરાવે .૩૮.શક્ય હોય ત્યાં સુધી માત્ર શબ્દોથી જ નહીં પણ પ્રયોગો કરીને શીખવાડે . ૩૯.દરેક તાસમાં સમયમર્યાદા ધ્યાનમાં રાખીને યોગ્યપ્રમાણમાં વિષયવસ્તુ શીખવવું. અભ્યાસક્રમ પતાવવા માટે ઝડપ કરવી નહીં. ૪૦.વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધારવાના પ્રયત્નો થતા હોય, નહીં કે આત્મવિશ્વાસ તોડવાના. ૪૧.વર્ગખમડમાં થતું કામ રસથી ભરપુર હોય.

તાલીમાર્થીઓના વિચારો કાગળ પરથી વંચાતા હતા. તેમાં એક તાલીમાર્થી બહેને લખેલું કે, " શિક્ષકની ભાષામાં શુદ્ધતા હોવી જોઈએ (અમુક સાહેબ ગાળો પણ બોલતા હોય છે)" તાલીમાર્થી બહેને જે લખ્યું હતું તે જ અહીં શબ્દસહ રજૂ કરેલ છે. વધુ પૂછતા તાલીમાર્થી બહેને જણાવેલ કે, હું ખેડા જિલ્લાની વતની છું અને મારી શાળામાં મેં આ અનુભવેલું ચે અને આજે પણ શિક તેમજ આચાર્ય દ્વારા ઉપરોક્ત વર્તન થાય છે. આ બાબત વાંચીને આઘાત લાગશે. પણ આ આઘાત પેલા ગાળો બોલતા શિક્ષક અને આચાર્યને લાગે તો વિચર્થીઓનું ભલું થાય. અંતે અહીં રજૂ કરેલા સારાં અધ્યાપનના લક્ષણો વિદ્યાર્થીઓ પાસેથી જ મેળવેલા છે, જેને સૌ શિક્ષક-અધ્યાપકો અપનાવશે તો વિદ્યાર્થીઓનો બેડો પાર થશે અને શિક્ષકો વિદ્યાર્થી પ્રિય બનશે.

Email : dr.ashokpatel@in.com

**નોંધ :**

- શ્રી માંકડ સાહેબ. એકવાર ઈમેલ આઇડી છાપવામાં આવેલું. કેટલાક વાચકોના ઈમેલ પણ આવેલા. જેનાથી વાચકોની પસંદગીનો ખ્યાલ આવેલો. તો ફરીથી વિનંતી કે, ઈમેલ આઇડી છપાય તે માટે પ્રયત્ન કરશો.
- લેખની સાથે જે ચિત્ર મૂકવામાં આવે છે તે, વર્ગખંડમાં શિક્ષક શીખવતા હોય તેવું લેવું.